# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧,ગાંધીનગર

**"નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ યોજના"**

**"National means cum merit Scholarship Scheme"**

**જાહેરનામું :: ક્રમાંક:રાપબો/NMMS/૨૦૧૫/૫૭૭-૬૨૮** **તા: ૧૦/૮/૨૦૧૫**

રાજ્યમાં નબળી આર્થીક સ્થિતિ ધરાવતાં તેજસ્વી વિદ્યાર્થીઓને માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળામાં ડ્રોપ આઉટ દર ઘટે તથા આ વિદ્યાર્થીઓ ધોરણ-૧૨ સુધી અભ્યાસ પૂર્ણ કરી શકે તે હેતુથી ધોરણ-૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ (N.M.M.S) નામની યોજના સને ૨૦૦૮-૦૯ થી N.C.E.R.T,NEW DILHI તરફથી અમલમાં મુકવામાં આવેલ છે. રાજ્ય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર દ્વારા **તા:૦૮/૧૧/૨૦૧૫, રવિવારના** રોજ શિષ્યવૃત્તિ માટે લાભાર્થી વિદ્યાર્થીઓની પસંદગી કરવા માટે પરીક્ષા યોજવામાં આવશે.

**આ પરીક્ષા માટેના આવેદનપત્રો www.sebexam.org વેબસાઇટ પર તા:૨૦/૮/૨૦૧૫ થી તા:૧૫/૯/૨૦૧૫ દરમિયાન ઓનલાઇન ભરવાના રહેશે.**

❖ **પરીક્ષાનો કાર્યક્રમ :**

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | જાહેરનામું બહાર પાડ્યાની તારીખ | ૧૦/૦૮/૨૦૧૫ |
| ૨ | www.sebexam.org વેબસાઇટ પર પરીક્ષા માટેનું આવેદનપત્ર ઓનલાઇન ભરવાનો સમયગાળો | ૨૦/૮/૨૦૧૫ થી ૧૫/૯/૨૦૧૫ |
| ૩ | પરીક્ષા માટેની ફી પોસ્ટ ઓફીસ ખાતે ભરવાનો સમયગાળો | ૨૦/૮/૨૦૧૫ થી ૧૬/૯/૨૦૧૫ |
| ૪ | શાળા દ્વારા ભરાયેલા આવેદનપત્રો તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/ શાસનાધિકારીની કચેરીમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૨૨/૦૯/૨૦૧૫ |
| ૫ | તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરી દ્વારા આવેદનપત્રો DPEO કચેરીમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૨૮/૦૯/૨૦૧૫ |
| ૬ | DPEO કચેરી દ્વારા આવેલ આવેદનપત્રોની ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર ઓનલાઇન અપ્રુવ કરવાની અંતિમ તારીખ | ૭/૧૦/૨૦૧૫ |
| ૭ | DPEO કચેરી દ્વારા શાળામાંથી આવેલ આવેદનપત્રોની હાર્ડકોપી રા.પ.બોર્ડમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૯/૧૦/૨૦૧૫ |
| ૮ | પરીક્ષા તારીખ | ૦૮/૧૧/૨૦૧૫ |

❖ **<u>નકલ રવાના અમલાર્થે</u>**

(૧) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
જિલ્લાના તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તેમજ તમામ પ્રાથમિક શાળાઓને જાણ કરવા સારૂ.

(૨) શાસનાધિકારીશ્રી, તમામ
આપના તાબા હેઠળની તમામ શાળાઓને જાણ કરવા સારૂ.

(૩) આસી. કમિશ્નરશ્રી, કેન્દ્રીય વિદ્યાલય,ગાંધીનગર તરફ.
આપના તાબા હેઠળની તમામ શાળાઓને જાણ કરવા સારૂ

(૪) નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, બ્લોક નં:૪/૨, ર્ડા.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
આપના તાબા હેઠળની તમામ શાળાઓને જાણ કરવા સારૂ

(૫) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, બ્લોક નં:૪/૩, ર્ડા.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
આપના તાબા હેઠળની તમામ શાળાઓને જાણ કરવા સારૂ

(૬) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, બિરસામુંડા ભવન,સેક્ટર-૮
આપના તાબા હેઠળની તમામ શાળાઓને જાણ કરવા સારૂ

(૭) જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર

(૮) ચીફ પોસ્ટ માસ્ટર જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ

❖ **<u>નકલ સાદર રવાના જાણ સારૂ.</u>**

(૧) અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) અગ્ર સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ,શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૩) એન.એમ.એમ.એસ. સેલ, એમ.એચ.આર.ડી. વિભાગ, ન્યુ દિલ્હી.